**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૧/૧/૨૦૧૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૧૨૨ લીટર દેશી દારૂ, ૧૦૧ બોટલ ઇગ્લીશ દારૂ અને ૨૦૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધાર હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં. ૧૪૧/૧૫**

**મણીનગર :** ભાવનાબહેન કચરૂભાઇ યાદવ (ઉ.વ.૧૬)(રહે.ઇશ્વરનગર, રબારીવાસ, હીરાભાઇ ટાવર પાસે, મણીનગર) ને તા.૧૫/૧/૧૫ સવારનાં ૮/૧૫ વાગ્યાના સુમારે મણીનગર જવાહર ચોકથી આરોપી કલ્લુ લાલજી યાદવ (રહે.દામડી થાનાઃ દેવડા, જી.ડુંગરપુર રાજસ્થાન) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ જાવનાબહેનની માતા શાંતાબહેન યાદવે તા.૧૯/૧/૧૫ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.કે.ઝાલા ચલાવે છે.

**દાણીલીમડા :** પાયલબહેન રંજનભાઇ ચુનાર (ઉ.વ.૧૭)(રહે.સોમાભાઇનો બંગલો, ગ્રીનપાર્ક સોસાયટી, રાજધાની બેકરીની બાજુમાં, બહેરામપુરા) ને તા.૨૦/૧/૧૫ રાતનાં ૨/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી રાકેશભાઇ રામલાલભાઇ ઠાકોર (રહે.રઘુનાથ પુરાની પીઠ, ચુનારાવાસ, રાયપુર) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ પાયલબહેનના પિતા રંજનભાઇ ચુનારે દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એસ.શેખ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૨/૧૫**

**માધવપુરા :** વિષ્ણુભાઇ ત્રિભોવનદાસ પટેલ (રહે.અબોક બંગ્લોઝ, સન એન્ડ સ્ટેપ કલબ રોડ, થલતેજ) એ તા.૨૦/૧/૧૫ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧/૧૫ સાંજનાં ૭/30 થી તા.૧૬/૧/૧૫ સવારનાં ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના માધવપુરા, બારડોલપુરા સબ ઝોનલ પાછળ, જોગણી માતાનાં મંદિર સામે આવેલ ગોડાઉનનું તાળુ મારવાની સાંકળ કાપી અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી કોપરનાં ૨૫ કિલો ભરેલ દરેક કટ્ટા નંગ-૨૫ કિંમત રૂપિયા ૧,૧૨,૫૦૦/- મતાની ચોરી કરી નાસી ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી વિક્રમસિંહ હિમ્મતસિંહ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૪૩/૧૫**

**બાપુનગર :** શાંતાબેન ચમનાજી મારવાડી (ઉ.વ.૪૦)(રહે, રાધાસ્વામી રમણની ચાલી, અનીલ સ્ટાર્ચ રોડ, બાપુનગર) તા.૨૦/૧/૧૫ બપોરનાં ૧૨/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના શરીરે જાતે કેરોસીન છાંટી સળગી જતાં સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલ લાવતા, સારવાર દરમ્યાન બપોરનાં 3/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ધનજીભાઈ શંકરભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ** **સમાચાર યાદી નં.૧૪૪/૧૫**

**સરદારનગર : (૧)** મનુભાઇ છનાભાઇ ખુમાન (ઉ.વ.૩૫)(રહે.સુભાષનગરનો ટેકરો, મહાકાળી હોટલની પાછળ, નોબલનગર, સરદારનગર) એ તા.૧૯/૧/૧૫ રાતનાં ૯/૦૦ વાગ્યાના સુમારે કોઇ અગમ્ય કારણસર પોતાના ઘરે છતની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ ભગવાનરાવ ચલાવે છે.

**(૨)** નમ્રતાબહેન ઉર્ફે લત્તાબહેન વા\ઓ હેમંતભાઇ ગેમલાણી (ઉ.વ.૨૯)(રહે.ઇસ્કોનવીલા, હાંસોલ સરદારનગર) એ તા.૨૦/૧/૧૫ બપોરનાં ૨/૪૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે, કોઇ અગમ્ય કારણસર પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી "જી" ડીવીઝન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.